eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 335
Jul 26, 2013

## કમિશનરશ્રીની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલઝોનમા ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રીનાં માર્ગદર્શન હેઠળ બુધવારની ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ

કમિશનરશ્રીની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલઝોનમાં તા.૧૭/૦૫/૨૦૧૩ નાં રોજ ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રીનાં માર્ગદર્શન હેઠળ બુધવારની ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ રાખવામાં આવેલ. જેમાં કાદરશાની નાળ, ખોજા કબ્રસ્તાન, હીજડાવાડ ચાર રસ્તા, એલ. આઈ. સી. કવાટર્સ વિગેરે વિસ્તાર આવરી લેવામાં આવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત મહેંદી સ્પર્ધા

અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત મહેંદી સ્પર્ધામાં તા.૧૮/૦૭/૨૦૧૩ના રોજ માધ્યમિક અને ખુલ્લા વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધા રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ, સુરત ખાતે યોજવામાં આવી હતી. ભારતીય પરંપરામાં શુકન ગણાતી મહેંદી મુકવાની પ્રણાલી...

વધુ માટે કલીક કરો >>>>>>

## આંગણવાડી(નંદઘર)ને દત્તક લેવાનું આહવાન

સુરત શહેરમાં સુરત મહાનગરપાલિકા તથા મહિલા બાળ વિકાસ વિભાગ ગાંધીનગર ધ્વારા આંગણવાડીઓનું સંચાલન કરવામાં આવે છે. આ આંગણવાડીઓમાં ૦ થી ૬ વર્ષના બાળકોને પૂરક પોષણ આહાર, રસીકરણ અને તબીબી તપાસ તથા પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની કામગીરી

ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ (૧) વોર્ડ નં.૮, ગોપીપુરા, સુરતમાં આવેલ નોંધ નં.૭૯૯/ જી વાળી મિલ્કતમાં ચોથા માળનું ગે. કા. નું આર.સી.સી. બીમ/કોલમ/સ્લેબ સહિતનું આશરે ૧૪૦૦ ચો. ફુટનું બાંધકામ દુર કરવામાં આવે છે...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકામાં જુદાજુદા ઝોનમાં રાખવામાં આવેલ " મેગા અભિયાન " અંતર્ગત ઓમકાર ચેમ્બર્સની મુલાકાત લેતાં નોટીસનું અમલ નહી કરતાં વહીવટી ચાર્જની વસુલાત

આથી જણાવવાનું કે, વોર્ડ નં.૭ નોંધ નં.૫૦ પૈકી રેલ્વે સ્ટેશનની સામે સુરત ખાતે " ઓમકાર ચેમ્બર્સ " નામે આઠ માળની " સી " આકારની બહુમાળી કોમર્શીયલ બિલ્ડીંગ આવેલ છે. અને સદર બિલ્ડીંગમાં આવેલ ટોઈલેટો, બાથરૂમો, ચોકડીઓના ડાઉનટેક પાઈપો તુટી ગયેલ હોવાથી તથા ઈન્સ્પેકશન ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા નાં સા. વે. (અઠવા) ઝોન ના વી.બી.ડી.સી. વિભાગમાં મોન્સુનના ભાગરૂપે મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ રોકથામ માટે "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા" વિરોધી માસ અભિયાન અંતગર્ત બાંધકામ માં રાખવામાં આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી

સવિનય જણાવવાનું કે ચોમાસાની ઋતુના આગમન પહેલા પ્રિમોન્સુનની કામગીરીના ભાગરૂપે સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોનના વી.બી.ડી.સી. વિભાગીય તમામ યુનિટમાં વિસ્તારમાં આવેલ બાંધકામોનું સર્વે કરી બાંધકામ, બાંધકામ કુંડીઓ, મજુરોની સ્લાઈડ લેવાની કામગીરી કરવામાં આવેલ,...

વધુ માટે કલીક કરો >>>>>>

## મોજે: પુણામાં આવેલ માતૃશકિત વાળા ૧૨.૦૦ મી.ના ટી.પી. રોડની અસરમાં આવતા ચાર એપાર્ટમેન્ટોનું રસ્તાની અસરમાં આવતાં ભાગનું ડિમોલીશન કરતું વરાછા ઝોન

પૂર્વ(વરાછા)ઝોન માં મોજે : પુણા, ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૧૧(પુણા), બ્લોક નં. ૫૭૭, ફા.પ્લોટ નં. ૩૮ ને લાગુ આવેલ ૧૨.૦૦ મી.ના ટી.પી. રોડમાં આવતા અમરધામ સોસાયટી માં આવેલ પરંતુ ટી.પી.ના રસ્તાની અસરમાં દબાણ હેઠળના દીપમંગલ, દીપદર્શન, અંકુર, આસોપાલવ એપાર્ટમેન્ટોના ગ્રાઉન્ડ ફ્લોર પર અંદાજે ૦૮ દુકાનો સહિત ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા આયોજીત મહેંદી સ્પધા

અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત મહેંદી સ્પર્ધામાં તા.૧૯/૦૭/૨૦૧૩ના રોજ પ્રાથમિક વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધા રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ, સુરત ખાતે યોજવામાં આવી હતી. શહેરમાં પ્રાથમિક શાળાની પરપથી વધુ સ્પર્ધકોએ ભારતીય પરંપરામાં શુકન ગણાતી મહેંદી મુકવાની પ્રણાલીને અનુસરતા સાદી...

વધુ માટે કલીક કરો >>>>>>

## મા. ગુજરાત હાઈકોર્ટમાં થયેલ જાહેર હિતની અરજીનાં અનુસંધાને નામદાર ગુજરાત હાઈકોર્ટનાં નિર્દેશ મુજબ જુદા જુદા ઝોન દ્વારા નીચે દર્શાવ્યા મુજબ વહીવટી ખર્ચ વસુલાત

મ્યુનિસીપલ કમિશનરશ્રીનાં આદેશથી તેમજ ડેપ્યુટી કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) નાં માર્ગદર્શન હેઠળ તેમજ મા. ગુજરાત હાઈકોર્ટમાં થયેલ જાહેર હિતની અરજી નં. નાં અનુસંધાને નામદાર ગુજરાત હાઈકોર્ટનાં નિર્દેશ મુજબ જુદી જુદી હોસ્પિટલો, બાંધકામની સાઈટો, પ્રોજેકટ હેઠળનાં કામો તેમજ કોમર્શીયલ અને રહેણાંક વિસ્તારોમાં મચ્છરોની ઉત્પત્તિ રોકવા...

વધુ માટે કલીક કરો >>>>>>

## ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સ્લેબ/બીમ/કોલમ સહિતનું વધારાનું બાંધકામ દુર કરવાની કામગીરી

ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૭, લેખડીયા શેરી, સૈયદપૂરા, સુરતમાં આવેલ નોંધ નં.૩૦૭૩,૩૦૭૪,૨૮૧૪ વાળી મિલ્કતમાં ભોંયતળીયું અને ત્રણ માળની પ્લાન સહિતની અરજી મિલ્કતનાં હીત ધરાવનાર શ્રી રાજનબાબુ જગદીશચંદ્ર કયાસ્થ પી.ઓ.એ.એચ. ઓફ રાજીવ ડેવલર્પસ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## મે.ડે.કમિશનરશ્રી (હે.અને હો.) અને લિંબાયત ળઝોનના એડી.સીટી.ઈજનેર સાહેબશ્રીની સાહેબશ્રીની સુચના અનુસારસાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ વિવિધ સ્થળોએ સઘન અરોગ્યલક્ષી ચેકીંગ

મે.ડે.કમિશનરશ્રી (હે.અને હો.) અને લિંબાયત ઝોનના એડી.સીટી.ઈજનેર સાહેબશ્રીની સાહેબશ્રીની સુચના અનુસાર સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ આજરોજ તા.૧૯/૦૭/૧૩ના રોજ આરોગ્ય વિભાગના સ્ટાફની ૩ (ત્રણ) ટીમો બનાવી હાલની ચોમાસાની પરિસ્થિતીનો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મૂલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ



ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મૂલ્યે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૨૦/૦૭/૨૦૧૩ ના રોજ પનાસ શહેરી આરોગ્ય કેન્દ્ર, નહેર પાસે, પનાસ સુરત ખાતેથી આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા નાં સા. વે. (અઠવા) ઝોન ના વી.બી.ડી.સી. વિભાગમાં મોન્સુનના ભાગરૂપે મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ રોકથામ માટે "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા" વિરોધી માસ અભિયાન અંતગર્ત બાંધકામ માં રાખવામાં આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી

સવિનય જણાવવાનું કે સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન સમાવિષ્ટ પીપલોદ–વેસુના શિલ્પકૃતિ, સરસ્વતિ એજયુકેશન ટ્રસ્ટ, શગુન, નોર્થ પેવેલીયન, રૂંઢ, મગદલ્લા વિગેરે બાંધકામ તેમજ ખુલ્લા પ્લોટમાં તા.૨૦/૦૭/૨૦૧૩ ના રોજ સઘન સર્વે ચેકિંગ દરમ્યાન ખુલ્લા પ્લોટમાં પાણીનો ભરાવો જોવા મળતા મચ્છરની ઉત્પત્તિ ન થાય ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના ડે. કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) ની સૂચના અને આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ઝોન વિસ્તારમાં આવેલ લારી–ગલ્લા, વેપારી સંસ્થાઓ વિગેરેનું ઘનિષ્ઠ ચેકીંગ

સુરત મહાનગરપાલિકાના ડે. કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) ની સૂચના અને આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તમામ ઝોનના આરોગ્ય, વી.બી.ડી.સી. અને ઈજનેરી સ્ટાફ સહિત 'ઓપરેશન હેલ્થ કેર' અંતર્ગત તા.૧૯/૦૭/૨૦૧૩ ના રોજ ઝોન વિસ્તારમાં આવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા આયોજીત ગોરમાગીત સ્પર્ધા

ભારતીય લોકસંસ્કૃતિ અને વૈવિધ્ય સભર સાંસ્કૃતિક વિરાસતનું જતન કરવાના ભાગરૂપે તથા આપણી સંસ્કૃતિમાં બાલિકા–કન્યાઓ માટે જ વિશેષરૂપે યોજાતા અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા ગોરમાગીત સ્પર્ધા તા.૨૦/૦૭/૨૦૧૩ના રોજ સવારે ૯.૦૦ કલાક...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકામાં ધ્વારા કાર્યરત આંગણવાડી(નંદઘર)ને વિવિધ સંસ્થાઓ દ્વારા દત્તક લેવાના હેતુથી તા.૨૦/૭/૨૦૧૩ના રોજ સેમીનારનું આયોજન

સુરત મહાનગરપાલિકામાં ધ્વારા હાલ ૧૦૦૪ આંગણવાડી સુરત શહેરમાં  કાર્યરત છે. જેમાં સગર્ભા, ધાત્રી, કિશોરી અને ૦ થી ૬ વર્ષના બાળકો  લાભાર્થી છે. આ લાભાર્થીઓને  વિવિધ સેવાઓ જેમકે પુરક પોષણ, પૂર્વ પ્રાથમિક શિક્ષણ, રેફરલ સેવાઓ, તબીબી સેવાઓ આઇ.સી.ડી.એસ. દ્વારા પુરી પાડવામાં આવે છે...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આયોજીત વેશભૂષાસ્પધા

ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્યદિન:૧૫મી ઓગષ્ટની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૮/૦૮/૨૦૧૩ને ગુરૂવારના રોજ  સવારે ૧૧.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની વેશભૂષા હરિફાઈનું આયોજન ન.પ્રા.શિ.સમિતિ શાળા નં.૨૪૬,૨૪૭ ઈશ્વરપુરા નવાગામ,...

વધુ માટે કલીક કરો >>>>>>

## કારગીલ વિજય દિન નિમિત્તે સુરત મહાનગર પાલિકા દ્વારા શહીદોને શ્રધ્ધા સુમન અર્પણ કરવાનો કાર્યક્રમ

કારગીલ વિજય દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૭/૨૦૧૩ ને શુક્રવારના રોજ સવારે ૯.૦૦ કલાકે શહીદોને શ્રધ્ધા સુમન અર્પણ કરવાનો કાર્યક્રમ કરાગીલ ચોક, લેકવ્યુ ગાર્ડન પાસે,પીપલોદ, સુરત ખાતે રાખવામાં આવેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોન ધ્વારા સીટી ઈજનેરની સીધા માર્ગદર્શન હેઠળ તોડી પાડવાની કાર્યવાહી



સેન્ટ્રલ ઝોનમાં સલાબતપરા વિસ્તારમાં રૂપમ ટોકીઝ પાસે ખંભાતીની વાડીની બાજુમાં ''મા કૃપા જરીભવન '' તરીકે ઓળખાતી વોર્ડ નં. ૩, નોંધ નં. ૨૯૩૯ પૈકી બ્લોક નં. ડીમાં આશરે ૨૩૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં હયાત ભોંયતળીયું અને બે માળ ઉપર વધારાના ત્રીજા માળનું આર.સી.સી. બીમ, કોલમ અને સ્લેબ ભરી બનાવેલ બાંધકામ સેન્ટ્રલ ઝોન ધ્વારા...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૩/૦૭/૨૦૧૩ ના રોજ એડી. સીટી. ઈજનેરશ્રીની મૌખિક સુચના મુજબ અને કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ઝોનના ડે. ઈજનેરો, જુની./આસી. ઈજનેરો શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતુ, અને કતારગામ પોલીસ સ્ટેશનના સ્ટાફના બંદોબસ્ત સાથે ઝુંપડા દુર કરવાની કામગીરીની વિગત નીચે મુજબ છે

ટી.પી. સ્કીમ નં. ૧૯ (કતારગામ), વિસ્તારમાં રે.સ. નં.૨૩૪/૩–૮ અને ૯, ઓ.પી.નં.૪૪/૭–૮–૯ માંથી કપાત થઈ ફાળવવામાં આવેલ રીઝર્વેશન પ્લોટ નં. ૧૯૨ જે ગાર્ડનના હેતુ માટે અનામત રાખવામાં આવેલ અને રીઝર્વેશન નં.૧૯૩ જે લોકલ કોર્મશીયલ હેતુ અનામત રાખવમાં આવેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## નામદાર મ્યુનિ. કોર્ટમાં ચાલતા, જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) શ્રી એચ. જે. ઠાકર સાહેબે તા.૦૬/૦૭/૨૦૧૩ ના રોજ આપેલ ચુકાદા

ફુડ વિભાગનાં નિવૃત્ત ફુડ ઈન્સપેકટરો શ્રી એન.બી.વ્યાસ તથા શ્રી આર.યુ. શાહે તા.૦૩/૧૧/૨૦૦૧ ના રોજ ૩૯–૪૦, શ્યામસુંદર સોસાયટી, સ્વામી નારાયણ સ્કુલની પાછળ, રામનગર, સુરતનાં સ્થળેથી માલિક શ્રી મુરલી સુગનોમલ રૂગાણી પાસેથી પી.એફ.એ. એકટ હેઠળ અનુક્રમે 'જામખંભાલીયા વૈભવ ડેરી શુધ્ધ ઘી' તથા 'ઘી' ના નમુનાઓ લઈ પૃથ્થકકરણ માટે પબ્લીક એનાલીસ્ટશ્રી, સુરત...

વધુ માટે કલીક કરો >>>>>>

## શહેર સુરતના સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં નીચે જણાવ્યા મુજબનાં ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની કામગીરી

ટી.પી. સ્કીમ નં.૨૭(ભટાર–મજુરા), ફા. પ્લોટ નં.૮ માં આવેલ શ્રીરામ ઈન્ડ.સોસાયટીનાં સબ પ્લોટ નં.૨૯,૩૦,૩૧ માં મિલ્કતદરાશ્રી હિતેશચંદ્ર સી. પટેલએ હયાત ગ્રા. ફ્લોરનાં પતરાં કાઢી આશરે ૩૩૦૦.૦૦ ચો. ફુટનો આર.સી.સી. સ્લેબ ભરતાં અત્રેથી સદરહું આર.સી.સી. સ્લેબ દૂર કરવામાં આવેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## કમિશનરશ્રીની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલઝોનમા ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રીનાં માર્ગદર્શન હેઠળ બુધવારની ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશઃ–

કમિશનરશ્રીની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલઝોનમાં તા.૧૭/૦૫/૨૦૧૩ નાં રોજ ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રીનાં માર્ગદર્શન હેઠળ બુધવારની ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ રાખવામાં આવેલ. જેમાં કાદરશાની નાળ, ખોજા કબ્રસ્તાન, હીજડાવાડ ચાર રસ્તા, એલ. આઈ. સી. કવાટર્સ વિગેરે વિસ્તાર આવરી લેવામાં આવેલ.

કામગીરી દરમ્યાન ૨૧ લારી /ગલ્લા, કાટપીટીયાનો સામાન, લાકડાનો ભંગાર તથા કચરા–માટી મિશ્રીત કુલ ૪૦ મે. ટન થી વધુનો નિકાલ કરવામાં આવેલ છે. ૬૬ થી વધુ ઈસમોને સ્વચ્છતા જાળવવા બાબત નોટીસ આપી, વિસ્તારનાં આગેવાન કાર્યકર્તાઓને સાથે રાખી જનજાગૃતિ અભિયાન કરવામાં આવેલ. દરમ્યાન પ્રચારગાડી મારફતે રોગ અટકાયતી પગલાં અને સ્વચ્છતા જાળવણી બાબતનાં સંદેશા પ્રસારીત કરવામાં આવેલ. ગંદકી કરતા ઈસમો પાસેથી રૂા.૧૦,૯૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરેલ. કામગીરી દરમ્યાન વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા ૭૨૦ ઘર, ૧૪૪૮ બ્રીડીંગ સ્પોટ ચેક કરી કુલ ૧૬ બ્રીડીંગનો નાશ કરેલ અને ૮૧ લોહીનાં નમુના ચેક કરેલ છે.

વધુમાં રીંગરોડ વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં જી–૧ સંસ્થાના માલિક ધ્વારા દુકાન રીનોવેશનનો કચરો કચરાપેટી કન્ટેનરમાં ન નાંખી રસ્તા પર જ નાંખી દઈ, ગંદકી કરવા બદલ સંસ્થાના માલિક દ્વારા કાદાશ શ્યામકુમાર પાસેથી રૂા.૧૧,૦૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરેલ છે. આમ સ્વચ્છતા ઝુંબેશમાં કુલ રૂા.૨૧,૯૫૦/– નો વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.

લોકોમાં સ્વચ્છતા જાળવણી બાબતે બહોળી જાગૃતિ માટે તમામ વર્તમાનપત્રોનાં માધ્યમોમાં બહોળી પ્રસિધ્ધી કરાવવા વિનંતી.

TOP

## અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત મહેંદી સ્પર્ધાઃ–

અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત મહેંદી સ્પર્ધામાં તા.૧૮/૦૭/૨૦૧૩ના રોજ માધ્યમિક અને ખુલ્લા વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધા રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ, સુરત ખાતે યોજવામાં આવી હતી. ભારતીય પરંપરામાં શુકન ગણાતી મહેંદી મુકવાની પ્રણાલીને અનુસરતા સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધામાં ૮૦૦થી વધુ સ્પર્ધકોએ ભાગ લઈ અવનવી ડિઝાઈનમાં હાથે મહેંદી મુકી હતી. સુરત શહેરના પ્રથમ નાગરિક એવા મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ ઉપસ્થિત રહી સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો. સ્પર્ધામાં નીચે મુજબ વિજેતા જાહેર થયા હતા.

**માધ્યમિક વિભાગ**

| વિજેતા | સાદી મહેંદી | અરેબિક મહેંદી |
|---|---|---|
| પ્રથમ | અંસારી સાહિસ્તા સૈયદ રહેમાન | વૈષ્ણવી શાંતિલાલ જરીવાળા |
| દ્વિતીય | ભાર્ગવી કે. દિલખુશ | કાપડીયા ઝીલ પ્રકાશભાઈ |
| તૃતીય | ડબેરવાલા ચામી અનિલભાઈ | પાંડવ મોનાલી બાબુભાઈ |
| આશ્વાસન | જરીવાલા ચૈતાલી ડી. | કાકલોતર કોમલ છગનભાઈ |
| .."..  | રાઠોડ પિન્સી મુકેશભાઈ | રાબડીયા કૃપા પ્રવિણભાઈ |
| .."..  | પરોણાવાળા કોમલ નિમેષકુમાર | જરીવાલા હિનલ ભરતકુમાર |
| .."..  | પટેલ જાનવી એસ. | તળાવીઆ ગોરલ રતિલાલ |

**ખુલ્લો વિભાગ**

| વિજેતા | સાદી મહેંદી | અરેબિક મહેંદી |
|---|---|---|
| પ્રથમ | જરીવાળા ટીના ડી. | પટેલ વિમ્પલ કમલેશકુમાર |
| દ્વિતીય | જમાદાર આભા એ. | ગઢીયા પ્રિતીબેન જયંતભાઈ |
| તૃતીય | ભૂમિકા મેહુલ જરીવાળા | શેખ તસ્નીમબાનું મો. સાબીર |
| આશ્વાસન | ભામિની આઈ. ગાંધી | પાંડવ નિમિષાબેન દેવરાજભાઈ |
| | ત્રિવેદી તૃપ્તિ ચંદ્રકાંતભાઈ | અરસીયા સાહીન મો. શાબીર શેખ |
| | લીલાવાલા ક્રિષ્ના હેમંતભાઈ | રૂકસારબાનું મો. રફીક સૈયદ |
| | શેખ ઉસ્મા પરવીન ઉસ્માન | પટેલ ખુશબુ બાબુભાઈ |
| | મુંજપરા નિતાબેન ડી. | આહીર રેખાબેન ભરતભાઈ |
| | રાણા બિંદીયા કંચનલાલ | |

માધ્યમિક અને ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષાશ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ અધ્યક્ષાશ્રીમતી મિનાબેન હિંગુ, સાંસ્કૃતિક સમિતિ ઉપાધ્યક્ષશ્રી ભવાનભાઈ સીસારા, મ્યુ.સભ્યશ્રીમતી રંજનબેન વેકરીયા, શ્રીમતી રંજનબેન પટેલ, શ્રીમતી ગીતાબેન પટેલ, શ્રીમતી ઉર્મિલાબેન રાણા શ્રીમતી દક્ષાબેન જરીવાળા અને નિર્ણાયકશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. તા.૨૦/૦૭/૨૦૧૩ના રોજ સવારે ૯.૦૦ કલાકેસુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત ખાતે યોજાનાર ગોરમાગીત સ્પર્ધામાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

TOP

## આંગણવાડી(નંદઘર)ને દત્તક લેવાનું આહવાનઃ–

સુરત શહેરમાં સુરત મહાનગરપાલિકા તથા મહિલા બાળ વિકાસ વિભાગ ગાંધીનગર ધ્વારા આંગણવાડીઓનું સંચાલન કરવામાં આવે છે. આ આંગણવાડીઓમાં ૦ થી ૬ વર્ષના બાળકોને પૂરક પોષણ આહાર, રસીકરણ અને તબીબી તપાસ તથા પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે. આ ઉપરાંત સગર્ભા અને ધાત્રી માતાઓને પણ પૂરક પોષણ આહાર આપવામાં આવે છે. તથા જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે.

આ યોજનાની કામગીરી ખૂબ જ મહત્વની છે. પૂરક પોષણ આહાર આપવા છતાં ઘણાં બાળકો કુપોષિત રહી જાય છે. જેમને પૂરક પોષણ આહાર ઉપરાંત શિક્ષણ, તબીબી સહાય, પ્રેમ અને હૂંફની જરૂર રહે છે અને તે બાબત સામાજીક જવાબદારીની પણ બની રહે છે.

કુપોષિત બાળકોનું, સગર્ભા, પ્રસુતા, માતાઓનું સ્વાસ્થ્ય સ્તર સુધારવા આપણે સૌએ આ સહીયારો અને પવિત્ર સંકલ્પ વ પ્રયાસ કરવાની જરૂર છે. અને તે દિશામાં સુરત મહાનગરપાલિકાએ સમગ્ર ગુજરાતમાં આગવું કદમ કંડારેલ છે. આવી આંગણવાડી (નંદઘર)ને દત્તક લઈ જરૂરી સહયોગ પુરો પાડવા શહેરની સેવાભાવી નામાંકિત વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓને જે તે આંગણવાડીઓ દત્તક લઈ આહવાન કરવામાં આવેલ છે અને આ માટે સુરત મહાનગરપાલિકાએ તા.૨૦ જુલાઈના રોજ સાંજે ૪ઃ૦૦ કલાકે નવો સ્ટેન્ડિંગ કમિટી હોલ સુરત મહાનગરપાલિકા મુગલીસરા ખાતે એક સેમીનારનું આયોજન કરેલ છે. જેમા ઈચ્છુક, સેવાભાવી, સ્વૈચ્છિક સંસ્થાઓ અને આગેવાનોને પધારવા તથા શહેરના ભાવિ નાગરિકોના માનસિક તથા શારીરિક સ્વાસ્થ્યને સુનિશ્ચિત કરવા સહયોગ આપવા હાર્દિક નિમંત્રણ છે.

TOP

## ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની કામગીરીઃ–

ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ (૧) વોર્ડ નં.૮, ગોપીપુરા, સુરતમાં આવેલ નોંધ નં.૭૯૯/ જી વાળી મિલ્કતમાં ચોથા માળનું ગે. કા. નું આર.સી.સી. બીમ/કોલમ/સ્લેબ સહિતનું આશરે ૧૪૦૦ ચો. ફુટનું બાંધકામ દુર કરવામાં આવે છે. વધુમાં સદર મિલ્કતમાં આર.સી.સી. કોલમનું બાંધકામ અગાઉ તા.૧૮/૦૪/૧૩ ના રોજ દુર કરવામાં આવેલ. સદર મિલ્કતમાં સી.ઝેડ/આ/નં.૦૫, તા.૦૭/૦૪/૧૦ ના રોજ રજાચીઠ્ઠી આપી મંજુરી આપવામાં આવી હતી. (૨) વોર્ડ નં.૮, ગોપીપુરા, સુરતમાં આવેલ નોંધ નં.૧૧૫૯ થી ૧૧૬૨ વાળી મિલ્કતમાં પાર્કીગ વિસ્તારમાં દુકાનો બનાવવાનાં આશયથી કરવામાં આવેલ ચણતરની દિવાલનાં પાર્ટીશન અત્રેથી તોડીને દુર કરવામાં આવેલ છે. અને આશરે ૯૦૦ ચો. ફૂટ પાર્કિંગ ખુલ્લુ કરવામાં આવેલ છે. સદર મિલ્કતમાં સી.ઝેડ/આ/નં.૦૫ અને ૦૬, તા.૧૦/૦૪/૧૨ ના રોજ રજાચીઠ્ઠી આપી મંજુરી આપવામાં આવી હતી. વધુમાં સદર મિલ્કતનાં ચોથા માળનું ગે. કા. નું બાંધકામ અગાઉ તા.૦૨–૦૩/૦૫/૧૩ ના રોજ દુર કરવામાં આવેલ.

TOP

## સુરત મહાનગરપાલિકામાં જુદાજુદા ઝોનમાં રાખવામાં આવેલ '' મેગા અભિયાન '' અંતર્ગત ઓમકાર ચેમ્બર્સની મુલાકાત લેતાં નોટીસનું અમલ નહી કરતાં વહીવટી ચાર્જની વસુલાતઃ–

આથી જણાવવાનું કે, વોર્ડ નં.૭ નોંધ નં.૫૦ પૈકી રેલ્વે સ્ટેશનની સામે સુરત ખાતે '' ઓમકાર ચેમ્બર્સ '' નામે આઠ માળની '' સી '' આકારની બહુમાળી કોમર્શીયલ બિલ્ડીંગ આવેલ છે. અને સદર બિલ્ડીંગમાં આવેલ ટોઈલેટો, બાથરૂમો, ચોકડીઓના ડાઉનટેક પાઈપો તુટી ગયેલ હોવાથી તથા ઈન્સ્પેકશન આઈના ઢાંકણ ન હોવાને લીધે વપરાશનું મેલુ અને ગંદુપાણી ભુર્ગભ ગટરમાં ન જતા બિલ્ડીંગની સર્વિસ ગલીમાં વહી ગંદકી થાય છે. તેમજ મિલકતના ડ્રેનેજ ચેમ્બરો તુટેલા છે તેના પર ઢાંકણો નથી. સદર ચેમ્બરોમાં એઠવાડ, કચરો, પ્લાસ્ટીક, કાગળો, રેપરો વિગેરે નાંખી ડ્રેનેજ ચોકીંગ થાફ છે. તથા સર્વિસ ગલીમાં તમામ માળ પરથી મોટાપ્રમાણમાં કચરો નાંખી ગંદકી કરવામાં આવે છે. આમ જુદીજુદી આરોગ્યલક્ષી ખામી દુર કરવા માટે ઓમકાર ચેમ્બર્સના વહીવટકર્તાઓને વારંવારની નોટીસ આપવા છતાં ખામીઓ પૂર્ણ ન કરતા તા.૦૯/૦૭/૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન તરફથી ૧/૨' ના ૧૧ કનેકશનો તથા ૩/૪' ના ૦૧ પાણીના કનેકશનો તથા ૧' ના ૦૧ કનેકશન કાપવામાં આવેલ.

વધુમાં જણાવવાનું કે, આજે તા.૧૯/૦૭/૧૩ ના રોજ સુરત મહાનગરપાલિકામાં જુદાજુદા ઝોનમાં રાખવામાં આવેલ '' મેગા અભિયાન '' અંતર્ગત ઓમકાર ચેમ્બર્સની મુલાકાત લઈ જરૂરી તપાસણી કરતા આપવામાં આવેલ નોટીસનો સમયમર્યાદામાં અમલ ન કરતા હોવાનું માલુમ પડતા, ગ્રા.ફલોર તથા તમામ માળ એટલે કે, ૦૮(આઠ) માળ સહિત પ્રતિ માળ દીઠ રૂા.૨૫,૦૦૦/– લેખે કુલ રૂા.૨,૨૫,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલાત કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા નાં સા. વે. (અઠવા) ઝોન ના વી.બી.ડી.સી. વિભાગમાં મોન્સુનના ભાગરૂપે મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ રોકથામ માટે "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા" વિરોધી માસ અભિયાન અંતગર્ત બાંધકામ માં રાખવામાં આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદીઃ–

સવિનય જણાવવાનું કે ચોમાસાની ઋતુના આગમન પહેલા પ્રિમોન્સુનની કામગીરીના ભાગરૂપે સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોનના વી.બી.ડી.સી. વિભાગીય તમામ યુનિટમાં વિસ્તારમાં આવેલ બાંધકામોનું સર્વે કરી બાંધકામ, બાંધકામ કુંડીઓ, મજુરોની સ્લાઈડ લેવાની કામગીરી કરવામાં આવેલ, તદઉપરાંત ચોમાસાની ઋતુમાં બાંધકામ માં મચ્છર જન્ય પરિસ્થિતીની નિર્માણ ન થાય તે બાબતે તમામ બાંધકામના માલિકો તેમજ બિલ્ડરોને આ ચાલુ બાંધકામોમાં મચ્છરની ઉત્પત્તિ ન થાય, બાંધકામ માં પાણી ભરાવો ન થાય, બિલ્ડીંગ પ્રિમાઈસીસમાં પાણીનો ભરાવો ન થાય અને મજુરોમાં મેલેરીયા પેરાસાઈટનું પ્રમાણ ન વધે અને આ મજુરોમાં મેલેરીયા/ડેંગ્યું જેવા રોગનું ટ્રાન્મીશન થતું કઈ રીતે રોકી શકાય તે અંગે બાંધકામ પ્રોજેકટ સુપરવાઈઝરોને જન જાગૃતિ આપવામાં આવેલ, તેમજ આવા તમામ બાંધકામના માલિકો/બિલ્ડરોને આરોગ્ય સંબંધી કુલઃ૮૭ નોટીસ આપવામાં આવેલ જેમાં નોટીસનો અમલ ન કરતાં બિલ્ડરો પાસે વહીવટી ખર્ચ પણ વસુલાત કરવામાં આવેલ, અને બાંધકામમાં મજુરોના કુલ ૮૯૮ લોહીના નમુનાનું પરિક્ષણ કરવામાં આવેલ, તથા બાંધકામ માં રહેતા મજુરોને ગુજરત હાઈકોર્ટ ધ્વારા PIL/22-2011 માં દાખલ થયેલ કેસના સંદર્ભમાં બાંધકામના મજુરોને મચ્છરદાની ફાળવવા બિલ્ડર્સ/ઓર્ગેનાઈઝરને ચેતવણી આપી કડક પગલાં લેવા જાણ કરેલ, તે સંદર્ભે આજ રોજ તા.૧૯/૦૭/૨૦૧૩ રોજ એક ભરથાણાં–વેસુ વિસ્તારમાં સઘન ચાલુ બાંધકામમાં ઝુંબેશ આદરવામાં આવેલ જેમાં એમ.એસ.કોર્પોરેશન, ગ્રીન વિકટરી, વાસ્તુ ડિસ્કવરી, એસ.વી. એન્ટરપ્રાઈઝ, મેગ્નસ શોપીંગ, એટલાન્ટા, શિવએપલામા, આર્શીવાદ હોમ્સ, લો–એપેક્ષ, નેસ્ટવુડ, વેનીશા, એક્ષપ્રેસન, સ્વીમ પેલેસ, સેરેટોન લક્ષઝ્યુરી, આશીયા કોર્પોરેશન, દિવા કોર્પોરેશન, આકાશ એમ્પાયર જેવા વિવિધ ચાલુ બાંધકામના પ્રોજેકટો ચેક કરતાં કુલ ૪૩ ઓર્ગેનાઈઝર ધ્વારા મજુરો ને મચ્છરદાની પુરી પાડવામાં આવેલ બાકી રહેલ ૧૨ ઓર્ગેનાઈઝર ધ્વારા મજુરોને મચ્છર દાની પુરી ન પાડનાર તેમજ આ તમામ પ્રોજેકટોમાં મચ્છરની ઉત્પત્તિ ના કુલ ૩૫૩૧ સ્પોટ ચેક કરતા તે પૈકી ૫૦ સ્થળે મચ્છરની ઉત્પત્તિ જોવા મળેલ જેનો સ્થળ પર નાશ કરવામાં આવેલ અને મજુરોના કુલ ૭૧ લોહીના નમુનાઓ લેવામાં આવેલ આમ, મચ્છરની ઉત્પત્તિ અને મજુરોને મચ્છરદાની ન પુરી પાડનાર પ્રોજેકટ/ઓર્ગેનાઈઝર પાસે ને કુલઃ– રૂા.૨,૮૬,૫૦૦/– વહીવટી દંડ વસુલાત લેવામાં આવેલ.

વધુ માં ભરથાણાં–વેસુ ખાતે આવેલ કેપીટલ ગ્રીન ખાતે સર્વે દરમ્યાન ચાલુ બાંધકામ દરમ્યાન મજુરો બિમાર ન પડે તથા તાત્કાલીક સારવાર ન મળી રહે તે હેતુ સબબ આ બિલ્ડર્સના ઓર્ગેનાઈઝર ધ્વારા સ્થળ પર બાંધકામમાં જ ૧૦ બેડની એક હોસ્પિટલ ઉભી કરી તેમા એક મોબાઈલવાન(એમ્બ્યુલન્સ) સાથે બે તબીબોને ઈમરજન્સી ટીમની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. તેમજ વિવિધ બાંધકામોમાં આ અગાઉ પ્રોજેકટ સુપરવાઈઝરોને મચ્છર નિયંત્રણનાં પગલાં બાબતે જનજાગૃતિ આપતા તેમના ધ્વારા પાણીના ભરાવામાં જંતુનાશક દવા/ ઓઈલ નો છંટકાવ કરવાની કામગીરી પણ કેટલેક અંશે ઓર્ગેનાઈઝર ધ્વારા વ્યવસ્થા કરવામાં આવેલ છે આમ સુરત મહાનગરપાલિકા વી.બી.ડી.સી વિભાગ ધ્વારા આપવામાં આવેલ સુચનો/માર્ગદર્શનનું ચાલુ બાંધકામમાં અમલવારી કરી કેપીટલ ગ્રીન જેવા ઓર્ગેનાઈઝર ધ્વારા અન્ય બાંધકામ ઓર્ગેનાઈઝરો માટે એક આદર્શ નમુના રૂપે હોસ્પિટલની વ્યવસ્થા કરવામાં આવેલ જે મજુરો માટે આર્શીવાદ રૂપ બની રહેશે.

TOP

## મોજેઃ પુણામાં આવેલ  માતૃશકિત વાળા ૧૨.૦૦ મી.ના ટી.પી. રોડની અસરમાં  આવતા ચાર એપાર્ટમેન્ટોનું રસ્તાની અસરમાં આવતાં ભાગનું ડિમોલીશન કરતું વરાછા ઝોનઃ–

(૧) પૂર્વ(વરાછા)ઝોન માં મોજે : પુણા, ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૧૧(પુણા), બ્લોક નં. ૫૭૭, ફા.પ્લોટ નં. ૩૮ ને લાગુ આવેલ ૧૨.૦૦ મી.ના ટી.પી. રોડમાં આવતા અમરધામ સોસાયટી માં આવેલ પરંતુ ટી.પી.ના રસ્તાની અસરમાં દબાણ હેઠળના દીપમંગલ, દીપદર્શન, અંકુર, આસોપાલવ એપાર્ટમેન્ટોના ગ્રાઉન્ડ ફલોર પર અંદાજે ૦૮ દુકાનો સહિત ત્રણ માળનું આર.સી.સી. સ્લેબ, ચણતર કામ અંદાજે ૩૫૦૦.૦૦ ચો.ફુટનું ગેરકાયદેસર બાંધકામ તોડી પાડી દુર કર્યું.

(૨) તેમજ  આ ટી.પી.માં ૪૦' ફુટના રસ્તા પર આવેલ માતૃશકિત સોસાયટી ની ત્રણ દુકાનોનું આર.સી.સી., સ્લેબ , બીમ, કોલમ તથા ચણતરકામ સહિતનું આશરે ૫૦.૦૦ ચો. ફુટ  બિનઅધિકૃત બાંધકામ તેમજ  આશરે ૧૩ દુકાનો  બનાવવાના ઈરાદે લોખંડના દરવાજા મુકવામાં આવેલ જે દરવાજાઓ અત્રેથી દુર કરવામાં આવેલ છે.

આજરોજ પૂર્વ(વરાછા)ઝોનના ઝોનલચીફ અને ડે.કમિશ્નરશ્રી(સ્પે.) ના હુકમ મુજબ તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી આર.વી.ગામીત ના માર્ગદર્શન અને નિગરાની હેઠળ પૂર્વઝોનના શહેર વિકાસ ખાતાના સ્ટાફ તથા દબાણખાતા સ્ટાફ તેમજ સીકયુરીટી અને પોલીસ બંદોબસ્તની હાજરીમાં ૧(એક)–જે.સી.બી. મશીન સાથે ઉપરોકત મિશન સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા આયોજીત મહેંદી સ્પર્ધાઃ–





અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત મહેંદી સ્પર્ધામાં તા.૧૯/૦૭/૨૦૧૩ના રોજ પ્રાથમિક વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધા રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ, સુરત ખાતે યોજવામાં આવી હતી. શહેરમાં પ્રાથમિક શાળાની ૫૨૫થી વધુ સ્પર્ધકોએ ભારતીય પરંપરામાં શુકન ગણાતી મહેંદી મુકવાની પ્રણાલીને અનુસરતા સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધામાં ભાગ લઈ અવનવી ડિઝાઈનમાં હાથે મહેંદી મુકી હતી. સુરત શહેરના પ્રથમ નાગરિક એવા મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા અને સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈએ ઉપસ્થિત રહી સ્પર્ધકોને પોત્સાહીત કર્યા હતા. સ્પર્ધાના બન્ને વિભાગમાં નીચે મુજબ વિજેતાઓ જાહેર થયા હતા.

**<u>સાદી મહેંદી</u>**

| વિજેતા | નામ | શાળા |
|---|---|---|
| પ્રથમ | દ્રષ્ટિ રાકેશભાઈ નાણાવટી | જીવનભારતી પ્રવૃત્તિ વિદ્યાલય |
| દ્વિતીય | શેખ પરવીનબાનું મહેબૂબ શેખ | શ્રી આર.કે.ચૌહાણ ન.પ્રા.શા.ક્ર–૨૦૭ |
| તૃતીય | ઘાસવાલા મિસબા મહંમદ સલામ | આચાર્ય એ.આર.દેસાઈ ન.પ્રા.શા.નં.૨૦ |
| આશ્વાસન | પરમાર ઈશા મહેશભાઈ | શ્રી એચ.જે.ગજેરા ઈ.મી.સ્કૂલ |
| | ચાંદની વિનયભાઈ છેટીયા | કવિશ્રી દલપતરામ ન.પ્રા.શાળા નં.૧૩૨ |
| | રવિના અમરશીભાઈ સરતાનપરા | આચાર્ય ડો.પ્રફુલ્લચંદ્ર રોય પ્રા.શા.નં.૧૮૪ |
| | ગજ્જર રિશીતા ડી. | શ્રી ભ.લ.જરીવાળા પ્રાથમિક શાળા |
| | સૈયદ સબા એન. | કે.એસ.જોષી ઈ.મી.ગર્લ્સ સ્કૂલ |

**<u>અરેબિક મહેંદી</u>**

| વિજેતા | નામ | શાળા |
|---|---|---|
| પ્રથમ | જરીવાલા શિવાની આશિષભાઈ | શ્રીમતી કે.પી.ગાંધી જીવનભારતી પ્રા. વિદ્યાલય |
| દ્વિતીય | હિરે સપના યુવરાજભાઈ | શહીદ વિનોદ કિનારીવાલા પ્રા.શા.નં.૨૦૯ |
| તૃતીય | પઠાણ અકસા એ. | શ્રી ભ.લ.જરીવાળા પ્રાથમિક શાળા |
| આશ્વાસન | મન્સુરી અતિકા | શ્રી મહિધરપુરા અર્બન પ્રા.કન્યા વિદ્યાલય |
| | રાવળ ઉન્નતિ પ્રફુલ્લભાઈ | શ્રી સંજીવકુમાર નં.પ્રા.શાળા નં.૧૨૩ |
| | રૂચિતા જી. શાહ | ગુરૂકુળ વિદ્યાપીઠ વિ.ઠા.ચોકસી |
| | પટેલ હેત્વી સુરેશભાઈ | લિટલ સ્ટાર સ્કૂલ |
| | સોલંકી શિવાની ડી. | શ્રી મહિધરપુરા અર્બન પ્રા.કન્યા વિદ્યાલય |

પ્રાથમિક વિભાગની મહેંદી સ્પર્ધાના ઉપરોકત્ત તમામ વિજેતાઓને મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષાશ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ અધ્યક્ષાશ્રીમતી મિનાબેન હિંગુ, મ્યુ.સભ્યશ્રીમતી મંજુલાબેન સાવલિયા, શ્રીમતી ઉર્મિલાબેન રાણા, શ્રીમતી દક્ષાબેન જરીવાળા અને નિર્ણાયકશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. તા.૨૦/૦૭/૨૦૧૩ના રોજ સવારે ૯.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત ખાતે યોજાનાર ગોરમાગીત સ્પર્ધામાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

TOP

## મા. ગુજરાત હાઈકોર્ટમાં થયેલ જાહેર હિતની અરજીનાં અનુસંધાને નામદાર ગુજરાત હાઈકોર્ટનાં નિર્દેશ મુજબ જુદા જુદા ઝોન દ્વારા નીચે દર્શાવ્યા મુજબ વહીવટી ખર્ચ વસુલાતઃ–

મ્યુનિસીપલ કમિશનરશ્રીનાં આદેશથી તેમજ ડેપ્યુટી કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) નાં માર્ગદર્શન હેઠળ તેમજ મા. ગુજરાત હાઈકોર્ટમાં થયેલ જાહેર હિતની અરજી નં. નાં અનુસંધાને નામદાર ગુજરાત હાઈકોર્ટનાં નિર્દેશ મુજબ જુદી જુદી હોસ્પિટલો, બાંધકામની સાઈટો, પ્રોજેકટ હેઠળનાં કામો તેમજ કોમર્શીયલ અને રહેણાંક વિસ્તારોમાં મચ્છરોની ઉત્પત્તિ રોકવા વી.બી.ડી.સી. વિભાગ દ્વારા નોટિસો પાઠવામાં આવેલ. આમ છતાં કેટલાંક ઈસમો દ્વારા નોટિસનો અનાદર કરાયાનું ધ્યાને આવતાં આજ રોજ જુદા જુદા ઝોનમાં આવ ઈસમો સામે વહીવટી ખર્ચની વસુલાતની ઝુંબેશ ધરવામાં આવેલ. જેમાં જુદા જુદા ઝોન દ્વારા નીચે દર્શાવ્યા મુજબ વહીવટી ખર્ચ વસુલ લેવામાં આવેલ છે.

| | |
|---|---|
| વરાછા ઝોન– | ૩,૬૭,૬૦૦–૦૦ |
| અઠવા ઝોન– | ૨,૯૬,૫૦૦–૦૦ |
| રાંદેર ઝોન– | ૧,૯૩,૦૦૦–૦૦ |
| ઉધના ઝોન– | ૧,૮૪,૫૦૦–૦૦ |
| સેન્ટ્રલ ઝોન– | ૧,૫૦,૭૦૦–૦૦ |
| લિંબાયત ઝોન– | ૧,૦૧,૫૫૦–૦૦ |
| કતારગામ ઝોન– | ૫૫,૬૦૦–૦૦ |
| | ૧૩,૪૮,૫૦૦–૦૦ |

મહાનગરપાલિકાની આ ઝુંબેશમાં બી.આર.ટી.એસ. નાં કોન્ટ્રાકટરો, ફલાય ઓવરબ્રિજના કોન્ટ્રાકટરો, રીલાયન્સનું બાંધકામ, પ્રાણનાથ હોસ્પિટલ, જુદા જુદા ઝોનમાં આવેલ ખુલ્લા પલોટોનાં માલિકો, હીરાની ફેકટરીનાં માલિકો, જુદા જુદા કોમર્શીયલ સેન્ટરો તેમજ રેહણાંકનાં મકાનોમાં મચ્છરની ઉત્પત્તિ કરતાં ઈસમો સામે કાર્યવાહી કરવામાં આવેલ છે. વરાછા ઝોનમાં સેન્ટ્રલ એ.સી.પ્લાન્ટ ધરાવતી હીરાની ફેકટરીઓના કુલીંગ ટાવરોમાં મચ્છરોની ઉત્પત્તિ જણાતા તેઓ પણ દંડાયા હતા.

મહાનગરપાલિકાનાં કર્મચારીઓએ ઉંચી ઉંચી ઈમારતો પર ચડીને, પોતાના જાનના જોખમે મચ્છરના ઉત્પત્તિ સ્થાનો શોધી નાશ કરવા માટે સતત પ્રયત્નો કરી રહેલ છે, અને કસુરવારો સામે કડકમાં કડક કાર્યવાહી કરી રહેલા છે. મહાનગરપાલિકાનાં ઈતિહાસમાં સૌ પ્રથમ વાર મચ્છરનોની ઉત્પત્તિ માટે આટલો મોટો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે, અને આગામી દિવસોમાં આ ઝુંબેશ ચાલુ રહેનાર છે.

TOP

## ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સ્લેબ/બીમ/કોલમ સહિતનું વધારાનું બાંધકામ દુર કરવાની કામગીરીઃ–

ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૭, લેખડીયા શેરી, સૈયદપૂરા, સુરતમાં આવેલ નોંધ નં.૩૦૭૩,૩૦૭૪,૨૮૧૪ વાળી મિલ્કતમાં ભોંયતળીયું અને ત્રણ માળની પ્લાન સહિતની અરજી મિલ્કતનાં હીત ધરાવનાર શ્રી રાજનબાબુ જગદીશચંદ્ર કયાસ્થ પી.ઓ.એ.એચ. ઓફ રાજીવ ડેવલર્પસ સી.ઝેડ/ઈન./નં.૧૪૯, તા.૩૧/૦૭/૧૨ થી રજુ કરેલ હતી. જેને સેન્ટ્રલ ઝોન ધ્વારા સી.ઝેડ/આ/નં.૨૦૦, તા.૦૫/૧૧/૧૨ ના રોજ રજાચીઠ્ઠી આપી મંજૂરી આપવામાં આવી હતી. સદર મિલ્કતમાં મંજુર પ્લાન વિરુધ્ધ ચોથા માળનું વધારાનું બાંધકામ કરતાં અત્રેથી તા.૧૯/૦૭/૧૩ ના રોજ ચોથા માળનું આશરે ૨૦૦૦ ચો. ફુટનું સ્લેબ/બીમ/કોલમ સહિતનું વધારાનું બાંધકામ દુર કરવામાં આવેલ છે.

TOP

## મે.ડે.કમિશનરશ્રી (હે.અને હો.) અને લિંબાયત ળઝોનના એડી.સીટી.ઇજનેર સાહેબશ્રીની સાહેબશ્રીની સુચના અનુસારસાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ વિવિધ સ્થળોએ સઘન અરોગ્યલક્ષી ચેકીંગઃ–

મે.ડે.કમિશનરશ્રી (હે.અને હો.) અને લિંબાયત ઝોનના એડી.સીટી.ઇજનેર સાહેબશ્રીની સાહેબશ્રીની સુચના અનુસાર સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ આજરોજ તા.૧૯/૦૭/૧૩ના રોજ આરોગ્ય વિભાગના સ્ટાફની ૩ (ત્રણ) ટીમો બનાવી હાલની ચોમાસાની પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને લિંબાયત ઝોનની જુદી–જુદી વિભાગીય કચેરીના વિસ્તારમાં આવેલ ઈન્ડ્રસ્ટ્રીયલ, શોપીંગ સેન્ટરો, હોટલ/રેસ્ટોરન્ટ બેકરીની ભઠ્ઠીઓ, અનાજ કરીયાણા સ્ટોર્સ, પ્રાઈવેટ સ્કુલ તેમજ અત્રેના ઝોનમાં આવેલ પે એન્ડ યુઝ વિગેરે સ્થળોએ સઘન અરોગ્યલક્ષી ચેકીંગ હાથ ધરવામાં આવ્યું.

જેમાં હોટલ રેસ્ટોરન્ટ કુલ–૨૧, બેકરી ભઠ્ઠી–૦૭, ઈન્ડ્રસ્ટ્રીયલ શોપીંગ સેન્ટર–૦૫, પ્રાઈવેટ સ્કુલો–૦૫, ખાદ્ય–અખાદ્ય સંખ્યા– ૬૭ આમ કુલ–૧૦૫ સંસ્થાનું સઘન ચેકીંગ હાથ ધરતા સદર સ્થળોએ ગંદકીનું ન્યુસન્સ માલુમ પડતા તેઓની પાસે કુલ રૂા.૮૦,૪૦૦/– (અંકે રૂપીયા એંસી હજાર ચારસો પુરા) નો વહીવટી ચાર્જ વસુલ કરી ૭૩૦ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થોનો નાશ કરી કુલ–૪૩ નોટીસો પાઠવવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

ઝોનમાં આવેલ પ્રાઈવેટ સ્કુલોના કંમ્પાઉડ, ટોયલેટ બ્લોક વિગેરેની ચકાસણી કરતા સ્કુલોના ટોયલેટ/યુરીનલ બ્લોક તથા કંમ્પાઉડમાં કચરો, પ્લાસ્ટીક વિગેરેની ગંદકી જણાતા તેમજ અન્ય ન્યુસન્સ બાબતે લિંબાયત ઉમીયાનગર સોસાયટી ગોડાદરા ખાતે આવેલ (૧) ડોન બોસ્કી સ્કુલને રૂા. ૧૦,૦૦૦/–, (૨) શારદાયતન હિન્દી/ઈગ્લીશ સ્કુલને રૂા. ૫૦૦૦/– તેમજ (૩) ગોડાદરા ન્યુ.ઈગ્લીશ સ્કુલને રૂા.૫૦૦૦/– આમ કુલ રૂા. ૨૦,૦૦૦/– (અંકે રૂપીયા વીસ હજાર પુરા) નો દંડ પ્રાઈવેટ સ્કુલોના સંચાલકો પાસેથી વહીવટી ચાર્જ વસુલ કરી તેઓને નોટીસ પાઠવવામાં આવેલ છે.

વધુમાં જણાવવાનું કે આજરોજ વી. બી.ડી.સી. વિભાગ દ્વારા પણ કુલ–૦૪ ટીમ બનાવી ઝોન વિસ્તારમાં આવેલ નવા બાંધકામો ખુલ્લા પાણીના ભરાવાના પ્લોટો તથા અન્ય સ્થળોએ ઘરની અંદર મચ્છર ઉત્પતિ સ્થાન બાબતે ઘનિષ્ઠ અભિયાન હાથ ધરી કુલ–૩૫ ઈસમો પાસે રૂા.૧,૦૧,૫૫૦/– (અંકે રૂપિયા એક લાખ એક હજાર પાંચસો પચાસ પુરા) નો વહીવટી ચાર્જ વસુલ કરી કુલ–૪૬ ઈસમોને નોટીસ આપ્યા બાદ કુલ–૭૩ કન્ટેઈનરો જપ્ત કરવામાં આવેલ છે.

આરોગ્ય તેમજ વી.બી.ડી.સી. વિભગાની સંયુકત કામગીરી દરમ્યાન કુલ રૂા.૨,૦૧,૯૫૦/– (અંકે રૂપિયા બે લાખ એક હજાર નવસો પચાસ પુરા) નો વહીવટી ચાર્જ ૭૩૦ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થોનો નાશ તેમજ ૮૯ નોટીસો આપવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. આ કામગીરી દરમ્યાન જનજાગૃતિ અભિયાન તથા આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મૂલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પઃ–




ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મૂલ્યે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૨૦/૦૭/૨૦૧૩ ના રોજ પનાસ શહેરી આરોગ્ય કેન્દ્ર, નહેર પાસે, પનાસ સુરત ખાતેથી આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી, ડે. કમિશનર (હેલ્થ અને હોસ્પિ.), ડે. કમિશનરશ્રી, મ્યુનિ. સદસ્યોશ્રી, મેડીકલ ઓફિસર વર્ગ–૧ (કુટુંબ કલ્યાણ), અઠવા ઝોનના કાર્યપાલક ઈજનેર, નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, પનાસ, અલથાણ, ઉમરા, ડુમસ, શહેરી આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફીસરો, આઈ.સી.ડી.એસ. ના કર્મચારી તથા અન્ય અધિકારી/કર્મચારીઓ હાજર રહ્યાં હતાં.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો પનાસ શહેરી આરોગ્ય કેન્દ્ર, સુરતની આસપાસના વિસ્તારના કુલ ૩૨૯ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જે પૈકી ૧૧૭ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યાં હતાં. જેમાં ફિઝીશયન દ્વારા ૭૪ સર્જન દ્વારા ૧૯ બાળરોગ નિષ્ણાંત દ્વારા ૮૭ સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા ૨૩, ચામડીના નિષ્ણાંત દ્વારા ૪૧, આંખના નિષ્ણાંત દ્વારા ૪૯, મેડીકલ ઓફીસ દ્વારા ૩૬, દર્દીઓને તપાસવામાં આવ્યા હતા.

કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનોમાં નિરોધ ૧૦૨૦, ઓરલ પીલ્સ ૬૪ પેકેટ, આર્યન ફોલીક ૧૨૦૦, ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. રસીકરણ વિભાગ દ્વારા ૦૭ બાળકોને વિવિધ રોગો સામેની રસી આપવામાં આવી હતી. લેબ. ટેકનીશીયન દ્વારા તાવના ૧૩ દર્દીઓને લોહીના નમુના લેવામાં આવ્યા હતોં ઓ.આર.એસ. ના ૩૫ પેકેટસ, રોગ અટકાયતી ૨૫૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના વેકસીનેશન બ્રાંચ, વીબીડીસી, આરએનટીસીપી, ફેમીલી પ્લાનીંગ, પીએસએચ અને આઈસીડીએસ વિભાગ મારફતે રોગ અટકાયત તથા સરકારશ્રીની વિવિધ યોજના બાબતે જરૂરી આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી હતી.

**નોંધઃ– આગામી વિના–મૂલ્યે આરોગ્ય નિદાન સારવાર કેમ્પનું આયોજન તા.૨૭/૦૭/૧૩ ના રોજ ઉત્રાણ શહેરી આરોગ્ય કેન્દ્ર, ધાબાનો વડ, ઉત્રાણ પાવરહાઉસ રોડ, દેવી કૃપા સોસાયટીની સામે, ઉત્રાણ, સુરત, ખાતે રાખવામાં આવેલ છે. જેનો આ વિસ્તારના તથા અન્ય તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.**

TOP

## સુરત મહાનગરપાલિકા નાં સા. વે. (અઠવા) ઝોન ના વી.બી.ડી.સી. વિભાગમાં મોન્સુનના ભાગરૂપે મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ રોકથામ માટે "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા" વિરોધી માસ અભિયાન અંતગર્ત બાંધકામ માં રાખવામાં આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદીઃ–

સવિનય જણાવવાનું કે સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન સમાવિષ્ટ પીપલોદ–વેસુના શિલ્પકૃતિ, સરસ્વતિ એજયુકેશન ટ્રસ્ટ, શગુન, નોર્થ પેવેલીયન, રૂંઢ, મગદલ્લા વિગેરે બાંધકામ તેમજ ખુલ્લા પ્લોટમાં તા.૨૦/૦૭/૨૦૧૩ ના રોજ સઘન સર્વે ચેકિંગ દરમ્યાન ખુલ્લા પ્લોટમાં પાણીનો ભરાવો જોવા મળતા મચ્છરની ઉત્પત્તિ ન થાય તે હેતુથી જંતુનાશક દવાનો છંટકાવ કરી કુલ–૭ ઈસમો પાસે રૂા.૪૯,૦૦૦/– વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ તેમજ જે સ્થળે નિકાલ ન થાય તેવા પાણીના ભરાવામાં પોરાભક્ષક માછલીઓ મુકવામાં આવેલ.

આમ, હાલમાં સતત વરસાદને કારણે વિવિધ વિસ્તારમાં પાણીના ભરાવામાં નિકાલની કામગીરી સાથે જંતુનાશક દવા છંટકાવની કામગીરીમાં વી.બી.ડી.સી. ધ્વારા ઝડપથી પગલા લઈ ખુલ્લા પ્લોટ તેમજ ચાલુ બાંધકામ પ્રોજેકટોમાં હાલ સઘન ચેકિંગની કામગીરી દરમ્યાન જે–તે ખુલ્લા પ્લોટ માલિક/બાંધકામ ઓર્ગેનાઈઝરને જાણ કરી સમય મર્યાદામાં ખામીઓ નિકાલ કરી વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા લેવામાં આવતાં મચ્છર નિયંત્રણના પગલાં બાબતે લોકોએ તેમની ઘરની આજુબાજુ મચ્છરની ઉત્પત્તિ ન થાય તેવા પ્રકારની કાળજી લઈ સુરત મહાનગર પાલિકાને સહકાર આપવા વિનંતી કરેલ.

TOP

## સુરત મહાનગરપાલિકાના ડે. કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) ની સૂચના અને આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ઝોન વિસ્તારમાં આવેલ લારી–ગલ્લા, વેપારી સંસ્થાઓ વિગેરેનું ઘનિષ્ઠ ચેકીંગઃ–

સુરત મહાનગરપાલિકાના ડે. કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) ની સૂચના અને આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તમામ ઝોનના આરોગ્ય, વી.બી.ડી.સી. અને ઈજનેરી સ્ટાફ સહિત 'ઓપરેશન હેલ્થ કેર' અંતર્ગત તા.૧૯/૦૭/૨૦૧૩ ના રોજ ઝોન વિસ્તારમાં આવેલ લારી–ગલ્લા, વેપારી સંસ્થાઓ વિગેરેનું ઘનિષ્ઠ ચેકીંગ કરવામાં આવેલ હતું અને જેમાં ગંદકી કરતાં, પ્રતિબંધિત પ્લાસ્ટીક બેગનો ઉપયોગ, તમાકુ–ગુટકા વેચાણ, મચ્છરની ઉત્પત્તિ થાય તેવાં સ્થળોને આવરી લઈ, કસુરવારો સામે દંડકીય કાર્યવાહી કરવામાં આવેલ હતી. જરૂર જણાયે નોટીસ પણ ઈસ્યુ કરવામાં આવી હતી.

ઝોન વાઈઝ કરવામાં આવેલ કામગીરીની માહિતી નીચે મુજબ છે.

| ઝોન | ચેક કરેલ સંસ્થા | ઈસમો | વસુલ કરેલ વહીવટી ચાર્જ રૂા. | રીમાર્કસ |
|---|---|---|---|---|
| સેન્ટ્રલ | ૫૨૪ | ૪૨૭ | ૬,૦૨,૦૫૦ | |
| નોર્થ (કતારગામ) | ૪૨૩ | ૩૮૭ | ૧,૨૬,૨૦૦ | ૫૩ કિ.ગ્રા. પ્લાસ્ટીક જપ્ત |
| વેસ્ટ (રાંદેર) | ૨૩૦ | ૧૫૩ | ૩,૪૬,૯૦૦ | –૨૨ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થ નાશ |
| સાઉથ–વેસ્ટ (અઠવા) | ૪૩૫ | ૩૭૫ | ૪,૧૪,૫૦૦ | |
| સાઉથ (ઉધના) | ૨૪૪ | ૧૮૩ | ૬,૫૧,૫૦૦, | |
| ઈસ્ટ (વરાછા) | ૧૯૦૦ | ૧૨૭૩ | ૬,૦૦,૬૦૦ | ૭૬ કિ.ગ્રા. પ્લાસ્ટીક જપ્ત, ૬૧૬ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થ નાશ |
| સાઉથ–ઈસ્ટ (લિંબાયત) | ૧૫૧ | ૮૯ | ૨,૦૦,૯૫૦ | |
| કુલ......... | ૩૯૦૭ | ૨૮૮૯ | ૨૯,૪૨,૭૦૦/- | |

આ અભિયાન ધ્વારા જનજાગૃતિ અંતર્ગત આરોગ્ય શિક્ષણ અને સમજ પણ આપવામાં આવી હતી. આગામી દિવસો દરમ્યાન પણ તમામ ઝોન વિસ્તારોમાં સમયાંતરે આપરેશન હેલ્થ કેરની કામગીરી કરવામાં આવશે.

TOP

## સુરત મહાનગરપાલિકા આયોજીત ગોરમાગીત સ્પર્ધાઃ–



ભારતીય લોકસંસ્કૃતિ અને વૈવિધ્ય સભર સાંસ્કૃતિક વિરાસતનું જતન કરવાના ભાગરૂપે તથા આપણી સંસ્કૃતિમાં બાલિકા–કન્યાઓ માટે જ વિશેષરૂપે યોજાતા અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા ગોરમાગીત સ્પર્ધા તા.૨૦/૦૭/૨૦૧૩ના રોજ સવારે ૯.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત ખાતે યોજવામાં આવી હતી. જેમાં શહેરની ખાનગી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ મળી પર જેટલી પ્રાથમિક શાળાની બાળાઓએ પરંપરાગત પહેરવેશમાં સજજ થઈને ગોરમાંની આરાધના કરતાં ગીતો ગાયાં હતાં. જેને ઉપસ્થિત સૌએ ભાવસભર માણ્યાં હતાં. સ્પર્ધાને અંતે નીચે મુજબની શાળાઓ વિજેતા જાહેર થઈ હતી.

| વિજેતાનો ક્રમ | શાળાનું નામ |
|---|---|
| પ્રથમ | સંસ્કાર ભારતી વિદ્યાલય, પાલનપુરપાટિયા |
| દ્વિતીય | પી.પી. સવાણી વિદ્યાભવન, હીરાબાગ |
| તૃતીય | શ્રી ખુદીરામ બોઝ પ્રા.શાળા ક્રમાંક–૪૨, માનદરવાજા |
| આશ્વાસન | ગજરાબા પ્રાથમિક શાળા, ભટાર |
| | ગજેરા વિદ્યાભવન(અંગ્રેજી માધ્યમ), કતારગામ |
| | આચાર્ય ડો.પ્રફુલ્લચંદ્ર રોય પ્રા.શાળા નં.૧૮૪, વેડરોડ |
| | કે.એસ.જોષી ઈંગ્લીશ મિડીયમ પ્રાયમરી ગર્લ્સ સ્કુલ, શાહપોર |

સ્પર્ધાના વિજેતાઓને સમાજકલ્યાણ આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ અધ્યક્ષાશ્રીમતી મિનાબેન હિંગુ તથા નિર્ણાયકશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને સ્મૃતિભેટ, પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર અને અલ્પાહાર આપવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે શિક્ષકો, વાલીઓ અને સંગીતપ્રેમી નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધક કન્યાઓને પ્રોત્સાહિત કર્યા હતા.

TOP

## સુરત મહાનગરપાલિકામાં ધ્વારા કાર્યરત આંગણવાડી(નંદઘર)ને વિવિધ સંસ્થાઓ દ્વારા દત્તક લેવાના હેતુથી તા.૨૦/૭/૨૦૧૩ના રોજ સેમીનારનું આયોજનઃ–

સુરત મહાનગરપાલિકામાં ધ્વારા હાલ ૧૦૦૪ આંગણવાડી સુરત શહેરમાં કાર્યરત છે. જેમાં સગર્ભા, ધાત્રી, કિશોરી અને ૦ થી ૬ વર્ષના બાળકો લાભાર્થી છે. આ લાભાર્થીઓને વિવિધ સેવાઓ જેમકે પુરક પોષણ, પૂર્વ પ્રાથમિક શિક્ષણ, રેફરલ સેવાઓ, તબીબી સેવાઓ આઇ.સી.ડી.એસ. દ્વારા પુરી પાડવામાં આવે છે. આ આંગણવાડી(નંદઘર)ને વિવિધ સંસ્થાઓ દ્વારા દત્તક લેવાના હેતુથી તા.૨૦/૭/૨૦૧૩ના રોજ નવી સ્ટેન્ડિંગ કમિટિ હોલ ખાતે સાંજે ૪:૦૦ કલાકે સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સુરત શહેરના માજી ડે.મેયર શ્રીમતી સુષ્માબેન અગ્રવાલ, સુરત મહાનગરપાલિકાના ડે.મ્યુ. કમિશનરશ્રી(હે. એન્ડ હોસ્પિ.) શ્રી આર.જે. પટેલ, ડો. વિકાસબેન દેસાઈ, શ્રીમતિ ઉર્વશીબેન રામામાળી(ચેરમેન સમાજ કલ્યાણ અને સાંસ્કૃતિક સમિતિ ચેરમેન), નવી સિવિલ હોસ્પિટલના પીડીયાટ્રીશીયન ડો.વિજયભાઇ શાહ, ડો.ભુપેન્દ્રભાઈ ચાવડા(પ્રેસીડેન્ટ આઈ.એમ.એ.) તેમજ વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ બહોળી સંખ્યામાં હાજર રહયા હતા.

કાર્યક્રમની શરૂઆત મેડીકલ ઓફિસર આઈ.સી.ડી.એસ.ના ડો.સોંધરવાએ સ્વાગત પ્રવચન કરી સૌનું સ્વાગત શરૂઆતમાં કર્યુ હતું. ડે.મ્યુ.કમિશનરશ્રી આર.જે પટેલ દ્વારા તૈયાર કરવામાં આવેલ ટેલી ફિલ્મ ભગવાનનો ભાર્ગ સૌ આમંત્રિતોને બતાવામાં આવેલ. ત્યારબાદ આંગણવાડી પ્રોજેકટની રૂપરેખા તથા આ કાર્યક્રમ યોજવાનો ઉદેશ અંગે માહિતી આપી હતી. ડો.વિકાસબેન દેસાઈ દ્વારા બાળ મરણ, માતૃ મરણ કુપોષણના કારણો, કુપોષણને રોકવા માટે કયા કયા આહાર લેવા જોઈએ અને તે આહારમાં કેટલું કેલરી અને પ્રોટીન મળી રહે તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ આંગણવાડી દત્તક લેવાના કાર્યક્રમમાં કઇ રીતે ભાગ લઈ શકે તે અંગેની માહિતી આપી. તેમણે જણાવ્યું કે કુપોષણના કારણે ૫૩% બાળકો મૃત્યુ પામે છે.વધુમાં તેમણે એ પણ જણાવ્યું કે ચુટાયેલા પ્રતિનિધિઓને આરોગ્યના ક્ષેત્રમાં સહભાગી થવા આહવાન કર્યું હતું.

ડે. મ્યુ. કમિશનરશ્રી(હે. એન્ડ હોસ્પિ.) શ્રી આર.જે. પટેલએ એમના વકતવ્યમાં જણાવ્યા મુજબ જો શહેરમાં કુપોષણનું પ્રમાણ ઘટાડવું હોય તો એનો ઉપાય છે સમાજને સાથે લઈને ચાલવું જેમાં વિવિધ સંસ્થાઓની મદદ લઈ કામગીરી કરવી પડશે. એમને એમ પણ જણાવ્યું હતું કે સુરત જેવા સમૃધ્ધ શહેરમાં કુપોષણ રહે તે ન પાલવે. વધુમાં આર.જે.પટેલએ એમના ધ્વારા તાપી અને બનાસકાઠા જિલ્લામાં તથા સુડામાં આંગણવાડી(નંદઘર)ને દત્તક લેવામાં કરેલ પ્રયાસ અને મળેલ સફળતાની સમિક્ષા કરી હતી. સરકાર થકી યોજના ધ્વારા કુપોષિત બાળકોને આહાર તથા તેની કાળજી લેવામાં આવે જ છે. પરંતુ સ્વૈચ્છિક સંસ્થા ધ્વારા આંગણવાડીની મુલાકાત લઈ કામગીરી બરાબર છે કે નહી તે અંગે વધુ સાચુ માર્ગદર્શન આપી શકાય જેથી આંગણવાડી કેન્દ્રો પર વધુ લાભ બાળકોને આપી શકાય.

આ એન.જી.ઓ. પૈકી માજી ડે.મેયર સુષ્માબેન અગ્રવાલ ધ્વારા અઠવા ઝોનની ૧૦ આંગણવાડી દત્તક લઈ અઠવાડીયામાં બે દિવસ ફણગાવેલા મગ અને એક દિવસ ફળ આપવામાં આવે છે, સર્ગભા બહેનોની આરોગ્ય તપાસ કરવામાં આવે છે, કુપોષિત બાળક અને માતાની સારવાર કરવામાં આવે છે. તે બાબતની માહિતી આપી હતી. તેમજ એમની સંસ્થા ધ્વારા બી.પી.એલ લાભાર્થીને સરકારી યોજનાઓની માહિતી આપવામાં આવે છે તેવું જણાવેલ. ડો.વિજયભાઈ શાહ પીડીયાટ્રીશીયન સુરતના પ્રમુખ તેમજ આઈ.એમ.એ.ના સુરતના પ્રમુખ ભુપેન્દ્રભાઈ ચાવડા ધ્વારા ડોકટરોની આંગણવાડી વિસ્તાર વાઈઝ ટીમ બનાવી આંગણવાડીના લાભાર્થી માટે આરોગ્યને લગતી સેવાઓ પુરી પાડવામાં આવશે એ અંગે બાહેંધરી આપી હતી. દરેકના પ્રતિનિધિઓને પોતાની સંસ્થા ધ્વારા પોતાની આંગણવાડીમાં કઈ રીતે મદદ કરી શકે તે અંગે સંમતિ ફોર્મ આપવામાં આવેલ. આ સંમતિ ફોર્મ તેઓને ભરી આઇ.સી.ડી.એસ.ની કચેરીએ આપવા જણાવેલ. અંતમાં કુપોષણની રાષ્ટ્રીય અને સામાજિક સમસ્યાના ઉકેલ માટે સુરત શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ,ધાર્મિક સંસ્થાઓ,સામાજિક સંસ્થાઓ,વિવિધ કલબો,મહિલા સંગઠનોને આહવાન કરવામાં આવ્યું છે.

TOP

## સુરત મહાનગરપાલિકા આયોજીત વેશભૂષાસ્પર્ધાઃ–

ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્યદિનઃ૧૫મી ઓગષ્ટની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૮/૦૮/૨૦૧૩ને ગુરૂવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની વેશભૂષા હરિફાઈનું આયોજન ન.પ્રા.શિ.સમિતિ શાળા નં.૨૪૬,૨૪૭ ઈશ્વરપુરા નવાગામ, નવાગામ ડીંડોલી વોર્ડ ઓફિસની બાજુમાં, ડીંડોલી મેઈન રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. વેશભૂષા હરિફાઈમાં લિંબાયત ઝોન વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાના ધોરણ ૪ થી ૮ ના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતેથી તા.૦૬/૦૮/૨૦૧૩ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી લેવાના રહેશે. ભરેલા **<u>પ્રવેશપત્રો સ્વીકરવાની અંતિમ તારીખ ૦૬/૦૮/૨૦૧૩ રાખવામાં આવી છે.</u>**

TOP

## કારગીલ વિજય દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા શહીદોને શ્રધ્ધા સુમન અર્પણ કરવાનો કાર્યક્રમઃ–

કારગીલ વિજય દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૭/૨૦૧૩ ને શુક્રવારના રોજ સવારે ૯.૦૦ કલાકે શહીદોને શ્રધ્ધા સુમન અર્પણ કરવાનો કાર્યક્રમ કરાગીલ ચોક, લેકવ્યુ ગાર્ડન પાસે, પીપલોદ, સુરત ખાતે રાખવામાં આવેલ છે. જેમાં જાહેર જનતાને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.

TOP

## સેન્ટ્રલ ઝોન ધ્વારા સીટી ઈજનેરની સીધા માર્ગદર્શન હેઠળ તોડી પાડવાની કાર્યવાહીઃ–



(૧) સેન્ટ્રલ ઝોનમાં સલાબતપરા વિસ્તારમાં રૂપમ ટોકીઝ પાસે ખંભાતીની વાડીની બાજુમાં ''મા કૃપા જરીભવન '' તરીકે ઓળખાતી વોર્ડ નં. ૩, નોંધ નં. ૨૯૩૯ પૈકી બ્લોક નં. ડીમાં આશરે ૨૩૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં હયાત ભોંયતળીયું અને બે માળ ઉપર વધારાના ત્રીજા માળનું આર.સી.સી. બીમ, કોલમ અને સ્લેબ ભરી બનાવેલ બાંધકામ સેન્ટ્રલ ઝોન ધ્વારા સીટી ઈજનેરની સીધા માર્ગદર્શન હેઠળ તોડી પાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ મિલ્કતમાં અગાઉ સને ૨૦૦૮ની શરૂ કરેલ ત્રીજા માળના બાંધકામ માટે મનાઈ હુકમ અને કારણદર્શક નોટીસ આપી તાકીદની નોટીસ આપવામાં આવેલ હતી. તેમછતાં તેનો અમલ નહીં થતાં આશરે ૨૩૦૦ ચો.ફુટ બાંધકામ તે સમયે તોડી પાડવામાં આવેલ હતું. મિલ્કતદારના હિત ધરાવનારા શ્રી અમરતલાલ શંકરલાલ રાણા વિગેરેનાઓએ ફરીથી ત્રીજા માળનું બાંધકામ કરવાના ઈરાદે આશરે ૨૩૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. ફ્રેમ વર્ક ઉભું કરતા તા.૧૦/૦૭/૧૩નાં રોજ મજકુર ગેરકાયદેસર બાંધકામ તોડાવાની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. તે સમયે નીચેના ફલોર પર રહેતા સ્થાનિક લોકોના વિરોધ અને મિલ્કતદારે જાતે ઉતારી પાડવાની આપેલ લેખિત બાંહેધરી ધ્યાને લઈ તે દિવસે કામગીરી મોકુફ રાખી મજકુર ગેરકાયદેસર બાંધકામ દિન–૭ માં દુર કરવા તાકીદ કરવામાં આવેલ હતી. તેમજ તે બાબતે ફરીથી મનાઈ હુકમ અને કારણદર્શક નોટીસ આપવામાં આવેલ હતી. તેમછતાં મિલ્કતના હિત ધરાવનારાઓ તરફથી તેનો અમલ નહી થતાં આજરોજ ફરીથી મજકુર વધારાના ત્રીજા માળનું બાંધકામ તોડી તાડવામાં આવેલ નહી થતાં આજરોજ ફરીથી મજકુર વધારાના ત્રીજા માળનું બાંધકામ તોડી પાડવામાં આવેલ છે. અને રૂા. ૫૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોનમાં હરીપુરા ભવાની વડ પાસે આવેલ વોર્ડ નં. ૫, નોંધ નં. ૭૧૧ વાળી મિલ્કતના ગ્રા.ફલોર પર પાર્કીગ અને ચાર માળના પ્લાન મંજુર કરવામાં આવેલ હતાં. મિલ્કતના હિત ધરાવનારાઓ શ્રી રાજીવ જયંયિલાલ ઝવેરી તરફથી મંજુર પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતાં મનાઈ હુકમ અને કારણ દર્શક નોટીસ આપવામાં આવેલ હતી. તેમછતાં તેનો અનાદર કરતાં આજરોજ ગ્રા.ફલોર પર પાર્કીગ કવર્ડ કરી આશરે ૩૫૦ ચો.ફુટમાં બનાવેલ ફલેટ તોડી પાડવામાં આવેલ છે.

TOP

## નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૩/૦૭/૨૦૧૩ ના રોજ એડી. સીટી. ઈજનેરશ્રીની મૌખિક સુચના મુજબ અને કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ઝોનના ડે. ઈજનેરો, જુની./આસી. ઈજનેરો શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતુ, અને કતારગામ પોલીસ સ્ટેશનના સ્ટાફના બંદોબસ્ત સાથે ઝુંપડા દુર કરવાની કામગીરીની વિગત નીચે મુજબ છેઃ–

(૧) ટી.પી. સ્કીમ નં. ૧૯ (કતારગામ), વિસ્તારમાં રે.સ. નં.૨૩૪/૩–૮ અને ૯, ઓ.પી.નં.૪૪/૭–૮–૯ માંથી કપાત થઈ ફાળવવામાં આવેલ રીઝર્વેશન પ્લોટ નં. ૧૯૨ જે ગાર્ડનના હેતુ માટે અનામત રાખવામાં આવેલ અને રીઝર્વેશન નં.૧૯૩ જે લોકલ કોર્મશીયલ હેતુ અનામત રાખવમાં આવેલ છે. સદરહુ બંને રીઝર્વેશન પ્લોટમાં અંદાજે ૪૦ જેટલા કાચા પાકા ઝુંપડાનું દબાણ હતુ તે સંપુણપણે દુર કરી અંદાજે ૭૧૯૦ ચો.મી. કરતા વધુ જગ્યા પરના ઝુંપડા દુર કરી તે પૈકી અંદાજે ૫૮૦૦ ચો.મી. પ્રત્યક્ષ કબજો મેળવી ગાડસ્ન વિભાગને સુપ્રત કરવામાં આવેલ છે.

(૨) ટી.પી. સ્કીમ નં.૧૯ (કતારગામ) અમરોલી બ્રિજના કતારગામ છેડે આવેલ તાપી નદીના પાળાને લાગુ, કતારગામ વોટર વર્કસની સામે પાળાની ૩૦.૦૦ મીટર પહોળાઈમાં કુલ ૪૦ કુટુંબોએ તંબુ તાણી ઝુંપડા બનાવી વસવાટ કરતા હોવાનું જણાતા સ્થળે જઈ ઝુંપડાનું દબાણ હટાવવાની કાર્યવાહી હાથ ધરી હતી. અને તમામ ઝુંપડા દુર કરવામાં આવેલ.

TOP

## નામદાર મ્યુનિ. કોર્ટમાં ચાલતા, જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) શ્રી એચ. જે. ઠાકર સાહેબે તા.૦૬/૦૭/૨૦૧૩ ના રોજ આપેલ ચુકાદોઃ–

ફુડ વિભાગનાં નિવૃત્ત ફુડ ઈન્સપેકટરો શ્રી એન.બી.વ્યાસ તથા શ્રી આર.યુ. શાહે તા.૦૩/૧૧/૨૦૦૧ ના રોજ ૩૯–૪૦, શ્યામસુંદર સોસાયટી, સ્વામી નારાયણ સ્કુલની પાછળ, રામનગર, સુરતનાં સ્થળેથી માલિક શ્રી મુરલી સુગનોમલ રૂગાણી પાસેથી પી.એફ.એ. એકટ હેઠળ અનુક્રમે 'જામખંભાલીયા વૈભવ ડેરી શુધ્ધ ઘી' તથા 'ઘી' ના નમુનાઓ લઈ પૃથ્થકકરણ માટે પબ્લીક એનાલીસ્ટશ્રી, સુરત મહાનગરપાલિકાને મોકલવામાં આવેલ. તે અંગે પબ્લીક એનાલીસ્ટશ્રી નાં આવેલ રીપોર્ટ મુજબ સદર નમુના ભેળસેળવાળા માલમ પડતાં સુરત મહાનગરપાલિકાનાં ડેપ્યુટી કમિશનર (હેલ્થ અને હોસ્પિટલ) અને લોકલ હેલ્થ ઓથોરીટીશ્રી ડૉ. આઈ.સી.પટેલ સાહેબની મંજુરીથી નામદાર મ્યુનિ. કોર્ટમાં અનુક્રમે પી.એફ.એ. કેસ નં. ૬૫/૨૦૦૧ તથા ૦૭/૨૦૦૨ થી જવાબદાર ઈસમ સામે કેસો દાખલ કરવામાં આવેલ.

સદર કેસ નામદાર મ્યુનિ. કોર્ટમાં ચાલતા, જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) શ્રી એચ. જે. ઠાકર સાહેબે તા.૦૬/૦૭/૨૦૧૩ ના રોજ આપેલ ચુકાદા મુજબ ક્રિ.પ્રો.કોડની કલમઃ ૨૪૮(૨) અન્વયે આ કામનાં આરોપી શ્રી મુરલી સુગનોમલ રૂગાણીને પી.એફ.એ. એકટની સને ૯૫૪ ની કલમ – ૨(ia)(m), ૨(ia)(j), ૭(૧) અને ૧૬ ની સાથે વાંચતા સજા પાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવી આરોપીને પી.એફ.એ. કેસ નં.૬૫/૨૦૦૧માં એક વર્ષની સાદી કેદની સજા તથા રૂા.૫,૦૦૦/– નો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરેતો વધુ એક–એક માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવેલ છે. તેમજ વગર લાયસન્સે ધંધો કરવા બદલ રૂલ્સ–૫૦ અન્વયે આરોપીને દિન–૧૦ ની સાદી કેદની સજા તથા રૂા.૫૦૦/– નો દંડ કરેલ છે. અને દંડ ભરવામાં નિષ્ફળ જાય તો દિન–૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરેલ છે. તેમજ પી.એફ.એ. કેસ. નં.૭/૨૦૦૨ માં રૂલ્સ–૫૦ ની જોગવાઈનો ભંગ બદલ દિન–૩૦ ની સાદી કેદની સજા તથા રૂા.૫૦૦/– નો દંડ કરેલ છે જો દંડ ભરવામાં નિષ્ફળ જાય તો વધુ દિન–૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરેલ છે. ઉપરોકત કેસમાં સજા એકી સાથે ભોગવવાની રહેશે જયારે દંડની રકમ અલગ અલગ ભરપાઈ કરવાનો હુકમ કરેલ છે.

TOP

## શહેર સુરતના સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનના વિસ્તારમાં નીચે જણાવ્યા મુજબનાં ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની કામગીરીઃ–

(૧) ટી.પી. સ્કીમ નં.૨૭(ભટાર–મજુરા), ફા. પ્લોટ નં.૮ માં આવેલ શ્રીરામ ઈન્ડ.સોસાયટીનાં સબ પ્લોટ નં.૨૯,૩૦,૩૧ માં મિલ્કતદારાશ્રી હિતેશચંદ્ર સી. પટેલએ હયાત ગ્રા. ફલોરનાં પતરાં કાઢી આશરે ૩૩૦૦.૦૦ ચો. ફુટનો આર.સી.સી. સ્લેબ ભરતાં અત્રેથી સદરહું આર.સી.સી. સ્લેબ દૂર કરવામાં આવેલ છે.

(૨) ટી.પી.સ્કીમ નં.૩૬ (અલ્થાણ), ફા. પ્લોટ નં.૧૦૩ માં આવેલ સાંઈવિલા સોસાયટીનાં સબ પ્લોટ નં.૨૦ વાળી મિલ્કતનાં માર્જીનવાળા મિલ્કતદારશ્રી આશિષભાઈ સી. ગજજરનાએ ગ્રા. ફલોર + બે માળનું બાંધકામ કરેલ જે આજરોજ અત્રેથી આશરે ૭૦૦.૦૦ ચો. ફુટનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

ઉકત કામગીરી પેટે મિલ્કતદારો પાસેથી ડીમોલીશન ચાર્જ પટે રૂા. ૧૫,૦૦૦/– વસુલ લીધેલ.

સદરહું કામગીરી ડે. કમિશનરશ્રીની સુચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી દેખરેખ હેઠળ અત્રેના શહેર વિકાસ તેમજ દબાણ સ્ટાફ મારફત કરવામાં આવેલ છે.

TOP